# ગુજરાતી વિભાગ

સેમ – 6

પેપર નં- 312

## ***<u>વાક્ય</u>***

***-નિર્મલા જોશી***

## <u>***વાક્ય :-***</u>

વાક્ય એટલે “શબ્દનો એવો સમુહ જે સંપુર્ણ અર્થ ધરાવતો હોય”. વાક્ય એક પૂર્ણ અર્થ ધરાવતી સ્વતંત્રપણે વપરાતી રચના છે.

- વાક્યમા મુખ્ય બે વિભાગ જોવા મળે છે.
  - જેના વિશે કહેવામા આવ્યુ હોય તે <u>**ઉદ્દેશ્ય ખંડ.**</u>
  - જે કહેવામા આવ્યુ હોય તે <u>**વિધેય ખંડ**</u>

“કઇક- કોઇના વિશે કશીક માહિતી આપતુ કથન એટ્લે વાક્ય”..

દ.ત. દામિની હોશિયાર છે.

# વાક્યમા અર્થ વ્યવસ્થા

## ૧) *<u>નિર્દેશાર્થ:-</u>*

વાક્યમા ક્રિયાપદનુ રૂપ જ્યારે કોઈ ક્રિયા એક હકીકત તરીકેનો નિર્દેશ કરે છે.

દા.ત.  અશોક મુંબઈ ગયો છે.

દામિની દિવાળી વેકેશનમા આવશે.

## **૨) *<u>આજ્ઞાર્થ :-</u>***

જેમા "આજ્ઞા"નો ભાવ જોવા મળે તે આજ્ઞા વાક્ય કહેવાય. આ બે પ્રકારે વપરાય છે.

- <u>"કર" વગેરે ક્રિયા દર્શાવતી વાક્ય રચના</u>
  નિલેશ, તમે હવે જમવા બેસો.
- <u>"કર +જ" વાળી વાક્ય રચના</u>
  હવે આ વિધાર્થીઓને સાંભળજો.

## 3) ***વિધ્યર્થ :-***

આ પ્રકારની રચનામા વિધિ કે કર્તવ્યનો અર્થ દર્શાવવામા આવે છે.

દા.ત. તારે બીમારની સારવાર કરવી.

તમારે નિયમિત દાખલા ગણવા.

## ૪) ***સંભાવનાર્થ:-***

વાક્યમા ક્રિયાપદનુ રૂપ ક્રિયા થવાની સંભાવના કે શક્યતા બતાવતુ હોય તો તે સંભાવનાર્થ બને છે. જેમા ભવિષ્યકાળના રૂપો પણ સંભાવનાનો અર્થ બતાવે છે.

દા.ત. જાણે હ્દયના ધબકારા બંધ થઈ ગયા હોય એવુ લાગ્યુ.

દાદાને પૂછ, કાદાચ હા પાડે.

## ૫) ક્રિયાતિ પ્રત્યર્થ :-

આ પ્રકારની વાક્ય રચનામા ક્રિયાના મૂળભૂતને “ત” પ્રત્યય લાગે છે. આ રચનામા જે ક્રિયા કરવા ધારી હતી તે ન થવાથી તેનુ વિપરિત પરિણામ આવેલુ જણાય છે. જો અગાઉની ક્રિયા થઈ હોત તો આ ક્રિયા થાત એવી સંભાવના બતાવે તે ક્રિયાતી પ્રત્યર્થ છે.

દા.ત. ગોવિંદે ગામડુ છોડ્યુ ન હોત તો આવી ગંભીર માંદગી ન આવી હોત.

જો તે પ્રવાસે ન ગયો હોત તો અકસ્માત ન થાત.